# ગુજરાતી માતૃભાષા માટે કશુંક કરીએ……

આ સપ્તાહમાં પીરાણામાં ગુરૂકુળ ખાતે એક સુંદર મજાનો પ્રેરણાદાયી કાર્યક્રમ થયો. જેની સુગંધ વધુ પ્રસરે એ માતૃભાષા, વ્યક્તિ અને શિક્ષણના હિતમાં છે. કાર્યક્રમનું નામ હતું, “ સ્વર્ણિમ ગુજરાત શિક્ષણ સંગઠન”. સ્વર્ણિમ શબ્દ આવે એટલે કદાચ એવું લાગે કે આ કાર્યક્રમ સરકાર પ્રેરિત હશે. પણ જી ના.આ કાર્યક્રમ એવા ગુજરાતી શિક્ષણ હિંતચિંતકોએ નાના સમૂહમાં એકત્ર થઇને કરેલો કે જેમના દિલ અને દિમાગમાં ગુજરાતી – માતૃભાષાના સંવર્ધન અને સંરક્ષણ માટે કશુંક કરવાની તમન્ના છે. સાથે એવા પણ કેટલાક ગુજરાતી માતૃભાષા પ્રેમીઓ હતા કે જેઓ આ માટે પોતાની રીતે પ્રયત્નો કરી રહ્યાં છે. આ કાર્યક્રમમાં થયેલ ચર્ચા સાંભળવી અને આચરણમાં મૂકવી સૌને ગમે તેવી છે.

ગુજરાતી માતૃભાષા માટે કશુંક કરવા માટેના પ્રયત્નો કરનાર સૌ પુરુષોત્તમોની પ્રથમ મિટીંગ ઓક્ટોબર માસમાં ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ ખાતે મળેલી. ત્યારબાદ ગુજરાતમાં જુદાજુદા સ્થળોએ અન્ય પાંચ સભાઓ કરી. જેમાં ગુજરાતી ભાષા માટે આપણે શું કરી શકીએ અને શાળા-કોલેજ કક્ષાએ શું કરવું જોઇએ તેની મુખ્ય ચર્ચાઓ હતી. ચર્ચાને કાર્યમાં પરિવર્તન કરવાની નેમ પણ હતી. પીરાણા ખાતે થયેલ ચર્ચા સૌ વાચક મિત્રો માટે પ્રેરણદાયી છે.. જેના અગત્યના મુદ્દાઓ અહીં ટાંકવામાં આવ્યા ચે.

વાંચનનું મહત્ત્વ દર્શાવતા બે ઉદાહરણો જાણવા અને માણવા જેવા છે. પ્રથમ તો ગાંધીજી જ્યારે જ્હોનિસબર્ગથી ડર્બન આવી રહ્યા હતા ત્યારે ટ્રેનમાં બેસતા પૂર્વે તેમના મિત્ર મિ.વેસ્ટે તેમને એક પુસ્તક વાંચવા માટે આપેલું, જેથી ટ્રેનમાં સમય પસાર કરવામાં કંટાળો ન આવે. અંતે જ્હોનિસબર્ગના રેલ્વે સ્ટેશનેથી ચડેલ ગાંધીજી અને ડર્બનના રેલ્વે સ્ટેશને ઉતરેલ ગાંધીજી વચ્ચે મોટો તફાવત હતો. કારણ ગાંધીજીએ વાંચેલ પુસ્તકની તેમના માનસ પર થયેલ અસર. ગાંધીજી ઘણીવાર કહેતાં કે, તેમના જીવન પર સૌથી મોટો પ્રભાવ જો કોઇનો હોય તો “ અન ટુ ધી લાસ્ટ” નામના પુસ્તકનો હતો. બીજું ઉદાહરણ હતું ડૉ.બાબા સાહેબ આંબેડકરનું. તેઓ જ્યારે યુવાન હતા ત્યારે તેમના કુટુંબની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. ત્યારે આંબેડકરને વાંચનનો ખૂબ જ શોખ. પણ વાંચવા માટેના પુસ્તકો તેઓ ખરીદીને જ વાંચતા. આ માટે તેઓ તેમના પિતાશ્રીને કહેતા કે , મારે આ પુસ્તક જોઇએ છે. જેથી તેમના પિતાજી આર્થિક સગવડતા ન હોય તો પણ ઉછીનાપાછીના પૈસા કરીને પણ આંબેડકરને પુસ્તક લાવી આપતા. ક્યારેક તેઓ તેમની મોટી બહેનને ત્યાં પુસ્તક ખરીદવાના પૈસા લેવા જાય. આથી બહેન પૈસાના અભાવે પોતાના ઘરેણાં ગીરો મૂકવા માટે આપે. આંબેડકરના પિતાજી તે ઘરેણાં ગીરો મૂકે અને પોતાનું પેન્શન આવે ત્યારે છોડાવી આવે. આમ પુસ્તક ખરીદવા માટે બહેનના ઘરેણાં અનેક વખત ગીરો મૂકેલા અને છોડાવેલા. આ ઉદારણ પરથી દરેક વાલીએ શીખ લેવા જેવી છે.

શાળા કક્ષાએ એવી કેટલીક સંસ્થાો છે કે જેના હૈયે ગુજરાતી માતૃભાષાનું વળગણ વળગેલું છે અને પોતાની શાળાના વિદ્યાર્થીઓ સારી રીતે માતૃભાષાનો ઉપયોગ કરી શકે તે માટે કશુંક નવું, વિદ્યાર્થીઓને રસ પડે તેવું કરવાની ટેવ પડી ગઇ છે. તેમની આ ટેવનો ચેપ અન્ય શાળા કોલેજોને લાગે તો ગુજરાતી માતૃભાષા મરશે તો નહીં, પણ બિમાર પણ નહીં પડે. જેમકે, કલોલમાં આવેલી હોલી ચાઇલ્ડ નામની શાળા વિદ્યાર્થીઓની વાંચન ભૂખ જગાડવા અને સંતોષવા માટે શાળામાં જ પુસ્તક મેળાઓ યોજે છે.

વિદ્યાર્થીઓને જન્મદિવસે પુસ્તક ભેટ આપે છે કે ખરીદવા માટે પ્રેરે છે. વાલીઓમાં પણ વાંચન ટેવ વિકસે તે માટે સારા એવા પ્રયત્નો શાળા તરફથી થાય છે. તો વળી ખેડબ્રહ્મામાં આવેલ કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય તો ધોરણ એકમાં માતૃભાષા શીખવવા માટેની અવનવા પ્રયોગો કરતી પ્રયોગશાળા બની ગઈ છે. જેમાંથી ધોરણ  એકમાં માતૃભાષા શીખવતા શિક્ષકો અને પાઠ્યપુસ્તકના રચિયતાઓએ પ્રેરણા લેવા જેવી છે. એટલું જ નહીં માતૃભાષાને સમૃદ્ધ બનાવવા દરેક શાળાએ કેવા પ્રયત્નો-પ્રવૃત્તિ કરવા જોઈએ તેની યાદી પણ બનાવી છે. માતૃભાષા પ્રત્યેની લાગણી વ્યક્ત કરવા માટે રાજકોટમાં આવેલી સિસ્ટર નવોદિતા નામની સંસ્થએ તો પોતાનું મુખપત્ર " સમુદ્‌ગાર" માત્ર માતૃભાષાને લઈને જ બહાર પાડ્યું છે. જેમાં વિવિધ લેખો, પ્રયોગો અને સંશોધનોની રજૂઆત દ્વારા માતૃભાષા અંગે ચેતના જગાવવાનો મહાપ્રયત્ન કરેલ છે. આ અભિયાનમાં ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનના વડાશ્રી ભંડારી સાહેબ અને ગુજરાતી ભાષાના મહાતજજ્ઞશ્રી યોગેન્દ્ર વ્યાસ પણ જોડાયા છે. અભિયાનનું નેતૃત્વ પ્રગતિશીલ માસિકના તંત્રી અને શિક્ષણવિદ્‌શ્રી પી.જી. પટેલ કરી રહ્યાં છે. અભિયાનમાં જોડયેલ વ્યક્તિએ પોતાના ખર્ચે જ અભિયાનમાં જોડાઈને માતૃભાષાને વંદના કરવાની હોવાથી અભિયાન દિનપ્રતિદિન સફળતા તરફ આગળ વધી રહ્યું છે.

પીરાણા ખાતેની આ બેઠકમાં આ કોલમના લેખકે રજૂ કરેલા વિચારો સૌ ગુજરાતીઓને માટે વિચારતા કરી મૂકે તેમ સૌને લાગ્યા હતા. જેમાં બોર્ડની પરીક્ષામાં ગુજરાતી માતૃભાષાનું પરિણામ અન્ય વિષયની સરખામણીમાં ઓછું આવે છે. જેમાં વિદ્યાર્થીઓને ગદ્ય કરતાં પદ્યના જવાબો લખવામાં કઠિન લાગે છે. એટલું જ નહીં વિદ્યાર્થીઓમાં મૌલિક લખાણ લખવાની આવડતના ભાગ્યે જ દર્શન થાય છે. શાળા કક્ષાએ ગુજરાતીના શિક્ષકનો મોભો ખૂબ જ નીચો માનવામાં આવે છે. તો વળી શિક્ષકો અને વાલીઓ એમ માને છે કે, ગુજરાતી તો આવડે. એમાં શીખવાની કે શીખવવાની શી જરૂર છે. શાળામાં ગુજરાતી શિક્ષકની અવેજીમાં મોટાભાગે વ્યાયામ શિક્ષક ગુજરાતી ભાષા શીખવાડે છે. ગુજરાતીનો શિક્ષક ભાગ્યે જ પૂર્વતૈયારી કરીને શાળામાં જાય છે. પદ્યને ગદ્યમાં ફેરવીને કાવ્ય શીખવાડે છે. રસાસ્વાદી વાત તો ભૂલી જાય છે. શાળામાં ગુજરાતી વિષયને એક જ્ઞાનના વિષય તરીકે શીખવવામાં આવે છે. ગુજરાતી શીખવવાનો હેતુ જ બદલી નાંખ્યો છે. ભાગ્યે જ કોઈ શિક્ષક ભાષાના કૌશલ્ય વિકસાવવાનો પ્રયત્ન કરે છે. શિક્ષકના મતે તો પાઠ્યપુસ્તક અને તેમાં આપેલું વિષયવસ્તુ જ ભગવાન છે. હકીકતમાં વિષયવસ્તુને આધાર બનાવીને ભાષાના કૌશલ્યો વિકસાવવાના છે. જે મોટાભાગના શિક્ષકો અને શાળા ભૂલી ગઈ છે. વળી માતૃભાષા શીખવતા શિક્ષકો સિવાયના શિક્ષકો પોતાના વિષયને જેટલું પ્રાધાન્ય આપે છે તેટલું પ્રાધાન્ય ગુજરાતીનો શિક્ષક આપતો નથી. અંગ્રેજીમાં સ્પેલિંગ ખોટો હોય તો નહીં ચલાવી લે, પણ ગુજરાતીમાં જોડણી ખોટી હોય તો ચલાવી લેશે ! શાળા કક્ષાએ ગુજરાતી માતૃભાષા પ્રત્યે આવી અનેક ઉપેક્ષાઓ સેવાય છે. જેને દૂર કરીને માતૃભાષા માટે કશુંક કરી છૂટવાની તમન્ના દરેક શાળા, કોલેજ,શિક્ષક અને વાલીમાં જાગે એ જ અભ્યર્થના.